| Publication | Vadodara Samachar | Date | 26/09/2011 |
| --- | --- | --- | --- |
| Edition | Vadodara | Page | 2nd |


Matter cont…… from Page 4

## મિત્સુબીથી...

બિરલા ગ્રુપની હિન્દુસ્તાન મોટર્સ લિમિટેડ કંપની મિત્સુબીશીના પજેરો, મોન્ટેરો, આઉટલેન્ડર, લાન્સર જેવા રમણીય કિન્તુ ખડતલ વાહનોનું ઉત્પાદન અને વેચાણ કરે છે. ઓગષ્ટ ૨૦૦૮ની પજેરોની સંગાથે રેલીમાં જોડાનારા, એકસપોર્ટ ઇકવીપમેંટસ રેન્ટલ્સ એન્જ લોજીસ્ટીકસ કોર્પોરેશન પ્રા. લિમિટેડના ડાયરેકટર રાકેશ ગાંધીએ જણાવ્યું હતું કે, 'હું જયારે મારી લાડકી પરંતુ ખડતલ પજેરો ચલાવું છું ત્યારે મારે ખાડા-ટેકરાવાળા, ખડકાળ કે રેતાળ, જંગલના કે કાદવીયા રસ્તાની સહેજ પણ ચિંતા કરવી પડતી નથી. આ વાહનમાં મેં વડોદરાથી લેહ સુધી અને ત્યાંથી પરત વડોદરાની સુરક્ષિત એ આનંદપ્રદ મુસાફરી કરી છે. જગતભરના પજેરો માલિકો એક સંપ્રદાયના સદસ્યોની જેમ પજેરો કલબ્સ અને મંડળો બનાવી રહ્યાં છે તેવો ઉલ્લેખ આશ્ચર્યમિશ્રિત આનંદની લાગણી સાથે કરતાં એચએમ-મિત્સુબીશીના માર્કેટીંગ એન્ડ ચેનલ ડેવલપમેંટના વડા યોશિઆકી વાડાએ જણાવ્યું હતું કે, 'પજેરો હાર્ટ-ઇન-માઉથ રેલી આ વાહનના ચાહકોને એક મંચ પર લાવવા અને તેમના અનુભવોનું આદાન-પ્રદાન સરળ બનાવવા યોજવામાં આવી રહી છે. ગુજરાત અમારે માટે અગત્યનું બજાર છે અને અહીં પજેરો ખુબ જ લોકપ્રિય છે. હવે પછી પુણે, કોયમ્બતોર અને બેંગલુરુમાં આ રેલીઓ યોજવાનું આયોજન છે.